ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય
સ્વાધ્યાય: પરમં તપઃ
ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત


# જ્ઞાનગંગા

મુખપત્ર

સ્વર્ણિમ ગુજરાત
૧૯૬૦-૨૦૧૦



વર્ષ : ૪ અંક:૧૭(ફક્ત આંતરિક વિતરણ) ઓક્ટોબર ,૨૦૧૦



## ગૌરવવંતી ગુજરાતના સ્વર્ણિમજ્યંતી વર્ષે ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયનાં ગૌરવશાળી આગેકદમ




- વાઈસ-ચાન્સેલર્સ કોન્ફરન્સ
- સંચિકા : સંગીત-ચિત્ર-કાવ્ય સમન્વય
- સ્વૈચ્છિક સંસ્થાઓનું વ્યવસ્થાપનનો કોર્સ
- ગમતાં પુસ્તક વિશે વાર્તાલાપ
- પ્રેરણાસભા
- સ્વર્ણિમગુજરાત પદ્ય- પર્વ
- વાંચે ગુજરાત



માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને આવકારતાં
યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડૉ.મનોજ સોની



વાઈસ ચાન્સેલર્સ કોન્ફરન્સમાં આવેલ
ભારતભરના માન.કુલપતિશ્રીઓ



વાઈસ ચાન્સેલર્સ કોન્ફરન્સમા પ્રસંગોચિત વકતવ્ય આપતા
માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી



વાઈસ ચાન્સેલર્સ કોન્ફરન્સમાં આવેલ
ભારતભરના માન.કુલપતિશ્રીઓ અને શ્રોતાગણ




સંચિકા કાર્યક્રમમાં સંગીત-ચિત્ર કાવ્ય સમન્વય સાથે
કવિતાનું પઠન કરતાં કવિશ્રી



ચિત્રકાર શ્રી કનુ પટેલ દ્વારા સ્વર-શબ્દાનુભવને રંગ રેખાથી
વાઈબ્રન્ટ ગુજરાતને આકાશિત કરેલ ચિત્રો









દાહોદ
સંસ્કૃતિનું
સ્વર્ણિમ
ગાથા





અહો ઉત્સવો આપણાં
ભેળવી ઉમંગ રંગે
ઉલ્લાસ આંબે આકાશે
આરાધના ને ઉપાસનાના પ્રકાશથી
બારે કોઠે ઝગમગતાં
લાગણીનાં વધામણાં
ઝળહળતા
આપણે રૂમઝૂમતા ગુજરાતી

ઝળહળતા
ગુજરાતીને
ગુજરાતની સ્વર્ણિમજયંતીએ
દીપોત્સવી અને નૂતન વર્ષારંભે
ઉમંગભરી શુભેચ્છાઓ

**ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયના**
**સમસ્ત વિદ્યા પરિવાર વતી**


ડૉ.બાબાસાહેબ આંબેડકર
મુક્ત વિશ્વવિદ્યાલય
આર.સી.ટેકનિકલ ઈન્સ્ટીટ્યુટ કેમ્પસ,
સરખેજ-ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ- 380060
ફોન નં: 27663750-51, ટોલ ફ્રી નંબર: 1800 233 1020
http://baou.edu.in


ડૉ. મનોજ સોની
કુલપતિ

ડૉ. હરીશ દેસાઈ
કુલસચિવ

સ્વર્ણિમ ગુજરાત
1960-2010

ગૌરવવંતી ગુજરાતની સ્થાપનાનાં
સ્વર્ણિમ શુભ વર્ષે
સૌને દીપાવલી અને નૂતનવર્ષની
શુભકામનાઓ સહ સ્નેહવંદન

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાનાનંબર |
|---|---|---|
| ૧. | કુલપતિશ્રીની કલમે | ૦૫ |
| ૨. | વાઈસ ચાન્સેલર્સ કોન્ફરન્સ અહેવાલ | ૦૬ |
| ૩. | સંચિકા | ૦૭ |
| ૪. | રીપોર્ટ ઓફ ધ વાઈસ ચાન્સેલર્સ કોન્ફરન્સ | ૦૭ |
| ૫. | સ્વૈચ્છિક સંસ્થાઓનું વ્યવસ્થાપન: અભિનવ દષ્ટિકોણ | ૦૮ |
| ૬. | સીબીસીએસ કાર્યક્રમ | ૦૮ |
| ૭. | મોબાઈલ કલાસ રૂમ | ૦૮ |
| ૮. | પ્રાસંગિક | ૦૯ |
| ૯. | પ્રોગ્રામએડવાઈઝરી કમિટિની બેઠક | ૦૯ |
| ૧૦ | યુનિવર્સિટીની નવી નિમણૂકો | ૦૯ |
| ૧૧ | સ્વર્ણિમગુજરાત અંતર્ગત કેન્દ્રો દ્વારા થયેલા કાર્યક્રમો | ૧૦થી ૧૩ |
| | - 'મને ગમતું પુસ્તક' વાર્તાલાપ | |
| | - પ્રેરણાસભા | |
| | - સ્વર્ણિમગુજરાત પદ્મ પર્વની ઉજવણી | |
| | - દાહોદ જિલ્લાની સ્વર્ણિમગાથા | |
| | - 'વાંચે ગુજરાત' | |
| | - ડૉ.રંગનાથન જન્મજંયતિ | |
| ૧૨. | વિભાગીય માહિતી | ૧૩થી ૧૬ |
| ૧૩. | સ્કોપ એન્ડ ચેલેન્જીસ ઑફ ડીસ્ટન્સ એજ્યુકેશન | ૧૬ |
| ૧૪. | અભ્યાસ કેન્દ્ર સંચાલન | ૧૬ |
| ૧૫. | નવા કેન્દ્રોની યાદી | ૧૭ |
| ૧૬. | બંધ કરેલા કેન્દ્રોની યાદી | ૧૮ |

## કુલપતિશ્રીની કલમે

*Deepawali* Greetings and the best wishes for a happy, healthy and prosperous New Year! The Conference of the Vice-Chancellors of all the Open Universities in India and those of the Conventional Universities in Gujarat, organized by our University during 09-11 June last, was a resounding success. The Conference saw possibly, a first-ever formal effort of convergence of the Open and Conventional education systems. Five Universities in Gujarat, viz., Krantiguru Shayamji Krishna Verma Kacch University, Hemchandracharya North Gujarat University, Bhavnagar University, Gujarat Forensic Science University and Ganpat University signed a first-of-its-kind MoU with our University for offering our University's courses to the students of these conventional Universities under the Choice-based Credit System.

The MoUs with three Universities, viz., Krantiguru Shayamji Krishna Verma Kacch University, Bhavnagar University, and Gujarat Forensic Science University are already implemented. And thus, for the first time perhaps, the students of the conventional Universities are *simultaneously* studying Courses of their choice from an Open University, which would be duly and formally credited for by the respective conventional university.

The Conference also deliberated upon the idea of OMKAR Open Matrix Knowledge Advancement Resource. The cogitations during the Conference have helped refine the idea and the University has plans to launch it in very near future. However, I would be grateful if the idea of OMKAR can still be further enriched with more suggestions. Here is the idea's brief profile:

**The Idea of OMKAR**

O M K A R the Open Matrix Knowledge Advancement Resource is envisaged to be a technology-enabled domain, constituting a repository of e-resources of information and knowledge. The domain is visualized to be a dynamic platform that is compatible with multi-media convergence for a two way communication of information and knowledge.

**Application of OMKAR**

O M K A R can provide the most easily accessible solutions to the pursuits of information and knowledge resources by the seekers. It can host information about the institutions that join the OMKAR Consortium. It can provide on-line access to information, training, Course-ware in multi-media format, examination and certification. It can be the first of its kind Life-long learning source for the aspirants and the alumni of the Consortium-member institutions.

O M K A R would thus be the most competitively collaborated model that is highly enriched platform, hosting the best repository of information and knowledge.

O M K A R would be a first humble step towards making the multi-institutional real-value virtual multi-media classroom and dialogue, accessible to millions of students and aspirants across the globe.

The contribution of your ideas and possible resources to OMKAR are welcome. The University and the generations of students shall be ever grateful to you for your contributions.

Manoj Soni
Vice-Chancellor

## વાઈસ ચાન્સેલર્સ કોન્ફરન્સ અહેવાલ :

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલયના ઉપક્રમે ઓપન અને કન્વેશનલ શૈક્ષિણક સિસ્ટમમાં **ICT** ના ઉપયોગ દ્વારા સહયોગ સાધવા વિશે તા.**9/10/11 June 2010** ના રોજ એક રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન 'ધ પ્રાઈડ હોટલ', અમદાવાદ મુકામે કરવામાં આવેલ હતું.




ભારતભરના મુકત વિશ્વવિદ્યાલયોના અગિયાર કુલપિતશ્રીઓ તથા રાજયની અનુદાનિત અને ખાનગી યુનિવર્સિટીઓના સર્વ કુલપતિશ્રીઓએ પરિસંવાદમાં ભાગ લીધેલો હતો. આ પરિસંવાદનું ઉદ્‌ઘાટન મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલું હતુ. તથા રાજયના મા. શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરા તથા ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય મુકત વિશ્વ વિદ્યાલયના કુલપતિશ્રી પ્રોફેસર વી.એન. રાજશેખર પીલ્લાઈ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય દ્વારા વિવિધ સેવાઓ પૈકી વિદ્યાર્થીઓના શબ્દજ્ઞાનમાં મોબાઈલના માધ્યમ દ્વારા વધારો થાય તેવી "જ્ઞાનબિંદુ" (મોબીપીડિયા) નું લોકાપર્ણ માનનીય શિક્ષણમંત્રીશ્રીએ કરેલ હતું. તેમજ યુનિવર્સિટીની નવર્નિમિતી વેબસાઈટ અને નોલેજ પોર્ટલનું લોકાપર્ણ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ હતું. આ પ્રસંગે આ સેવાઓનું પ્રત્યક્ષ ર્નિદશન કરવામાં આવેલ હતું.



મા. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતમાં યુનિવર્સિટી દ્વારા ગુજરાતની પાંચ યુનિવર્સિટીઓ સાથે 'ચોઈસ બેઈઝ ક્રેડિટ સિસ્ટમ' અંતર્ગત વિદ્યાર્થીઓ પોતાની પસંદગીના વિષયોનો ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય દ્વારા અભ્યાસ કરી શકે તેવા શૈક્ષણિક આદાન પ્રદાન માટેના **MOU** કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય, અમદાવાદના પૂર્વ વિદ્યાર્થી શ્રી આનંદભાઈ પટેલ કે જેઓ ૨૦૦૯માં લેવાયેલ યુનિયન પબ્લીક સર્વિસીસ કમિશનની પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમે આવ્યા છે, તેઓનું સુર્વણ ચન્દ્રકથી માનનીય મુખ્યમંત્રી શ્રી દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું. આ કોન્ફરન્સમાં ચાર બેઠકમાં જુદા જુદા વ્યાખ્યાનો રજૂ કરવામાં આવ્યા હતા.



**સંચિકા :**

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય દ્વારા તા. ૯/૬/૨૦૧૦ના રોજ 'ધ પ્રાઈડ હોટલ'માં સ્વર્ણિમ ગુજરાત પર્વે નિમિત્તે સંગીત, ચિત્ર અને કાવ્યની જુગલબંદીના અનોખા કાર્યક્રમ દ્વારા સંચિકાનું આયોજન કરવામાં આવેલું હતું. કવિશ્રી



ભાગ્યેશ જહા, હર્ષ ત્રિવેદી, હરદ્વાર ગોસ્વામી, અંકિત ત્રિવેદી, કાજલ ઓઝા-વૈદ્ય દ્વારા કાવ્યનું પઠન અને સંગત-સ્વરબંધ થયેલ રચનાઓ રજૂ કરવામાં આવેલી હતી. ચિત્રકાર શ્રી કનુ પટેલ દ્વારા સ્વર-શબ્દાનુભવને રંગ રેખાથી વાઈબ્રન્ટ ગુજરાતને આકાશિત કરવામાં આવેલું હતું



## The Report of The Vice-Chancellor's Conference:

Dr. Babasaheb Ambedkar Open University had organized a National Conference on **Open and Conventional Education Systems Opportunities for ICT- Enabled Confluence** on 9th, 10th, 11th June 2010. The conference was organized at Hotel Pride, Ahmedabad.

Vice-Chancellors of various open universities from all over the country as well as Vice-Chancellors from state granted conventional universities honored the occasion with their august presence. Honourable Chief Minister of Gujarat, Sri Narendra Modi had inaugurated the conference. Honourable Education Minister Sri Ramanlal Vora remained present as the Guest of Honour and Vice-Chancellor of Indira Gandhi National Open University, Professor V.N.Rajsekharan Pillai auspiced the occasion as the Chief Guest.

On this occasion Honorable Education Minister inaugurated "Gyanbindu", the Mobipedia service. Where as Honorable Chief-Minister inaugurated the re-designed website and the Knowledge Portal of the university. On this occasion there was a live demonstration of all these services with the help of power point presentation.

In the presence of honorable Chief Minister, Dr. Babasaheb Ambedkar Open University and another five selected universities of Gujarat signed and exchanged MOUs for collaboration and implementing the Choice Based Credit System in the State. It has been first of its kind and revolutionary experiment in the nation to implement Choice Based Credit System with the collaboration of the Open University.

On this event honorable Chief Minister honored Sri. Anand Patel, a former student of the Dr.Babasaheb Ambedkar Open University with the gold medal. Sri Anand Patel topped the entire Gujarat in Union Public Service Commission Exam in 2009.

Eminent scholars deliberated upon the issue of **Bringing the Distance Learning to the Second Generation** on 10/6/2010. In the Second Session Lectures were delivered on the issue of **Transformative Potential: Emerging Technologies and Open University.**

Where as in the third session lectures were delivered on the topic of **Technology – enabled Open Education with Industry Participation.** At the same time there was a fruitful interactions with Distance Education Council (DEC).

Followingly, the fourth session of the conference was focused upon **Quality Control Measures and ICT – Enabled Open Education.** Where as the last session was **Open Session for Recapitulations and Expressions of Intent for ICT-Enabled Education and Confluence.**

Dr. Babasaheb Ambedkar Open University with the assistance of **UNAIDS** initiated a new course of **NGO Management** on 10th June. On this occasion experts and representatives of NGOs from all over the Gujarat remained present and honored the event.

Hardeepsinh Gohil
Chetana Shah

## સેમિનાર

### "સ્વૈચ્છિક સંસ્થાઓનું વ્યવસ્થાપન અભિનવ દૃષ્ટિકોણ"

NGO મેનેજમેન્ટ અભ્યાસક્રમ અંતર્ગત ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયના ઉપક્રમે તથા UNAIDSની મદદથી તા. 10/6/2010ના રોજ 'ધી પ્રાઈડ હોટલ'માં એક દિવસીય પ્રશિક્ષણ-પરિસંવાદ "સ્વૈચ્છિક સંસ્થાઓનું વ્યવસ્થાપન અભિનવ દૃષ્ટિકોણ"નું આયોજન કરવામાં આવેલું હતું. જેમાં 75 પાર્ટીસિપેન્ટને આમંત્રણ આપવામાં આવેલું હતું. જેમાંથી 58 પાર્ટીસિપેન્ટે રજીસ્ટ્રેશન નોંધાવ્યું હતું.

ડૉ. મનોજ સોની (માનનીય કુલપતિશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી)ના અધ્યક્ષ સ્થાને સેમિનારનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલું હતું. આ પ્રસંગે ઉદ્‌ઘાટક તરીકે પ્રો. આમ્રપાલી મર્ચન્ટ પૂર્વ કુલપતિશ્રી, BAOU ઉપસ્થિત રહ્યા હતા તથા શ્રીમતી સરીતા જાદવ UNAIDS ના પ્રોગ્રામસંયોજક, ડૉ. મંદાબેન પરીખ, ડૉ. શ્રધ્ધાબેન રાય(BOM BAOU),એસ.સી.શાહ નિયામકશ્રી, ડૉ. હરીશ દેસાઈ કુલસચિવશ્રી સહિત ભારતના મુક્ત વિશ્વવિદ્યાલયનાં કુલપતિશ્રીઓ તથા આમંત્રિત પાર્ટીસિપેન્ટ NGOs તથા યુનિવર્સિટીના અધિકારી તથા કર્મચારીગણ ઉપસ્થિત હતા.

સેમિનારનાં પ્રથમ સેશનમાં શ્રીમતી સરીતા જાદવ અને ડૉ. મંદાબેન પરીખે ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયનાં નવા અભ્યાસક્રમ NGO મેનેજમેન્ટનો પરિચય અને આ કોર્સની મહત્ત્વતા અંગેની રૂપરેખા પૂરી પાડી હતી. ડૉ. ગૌરાંગ જાની (BOM BAOU) એ પ્રવૃત્તિઓ અને સંસાધન : શક્યતાઓ અને પડકારો વિશે માહિતગાર કર્યા હતા. ભોજન વિરામબાદ બીજું સેશન જૂથ ચર્ચાનું રાખવામાં આવેલું હતું. જેમાં નાણાકીય, રાજકીય, કાનૂની અને સરકારી નીતિવિષયક, માર્કેટીંગ, ભવિષ્યમાં આવનાર સંસાધનોના વિસ્થાપનના પડકારો વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેનું સંચાલન ડૉ. શ્રધ્ધાબેન રાય અને ડૉ. મંદાબેન પરીખ દ્વારા કરવામાં આવેલું હતું. SEWA સફળ સામાજીક માર્કેટીંગના અભ્યાસ પર SEWA સંસ્થાની કાર્યકારી બહેનોએ એક સ્ટડી રીપોર્ટ રજૂ કરી સંસ્થાને સફળ બનાવવા અંગે રસપ્રદ માહિતી આપી હતી.

પૂર્ણાહુતિ કાર્યક્રમમાં ડૉ. એ. કે. સિંઘ (પૂર્વ કુલપતિશ્રી BAOU), ડૉ. મનોજ સોની (માનનીય કુલપતિશ્રી BAOU), ડૉ. મંદાબેન પરીખ, ડૉ.શ્રધ્ધાબેન રાય અને આ સેશનના પ્રમુખ વકતા શ્રી પ્રકાશ ભગવતી (વાઘ બકરી ચાનાં ડાયરેકટર) ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શ્રી નરેન્દ્ર ગોહિલ (નાકો) જણાવ્યું હતું કે, "આ નવા NGO મેનેજમેન્ટના કોર્સમાં જે પણ વિદ્યાર્થી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી ઉત્તીર્ણ થઈને પ્રમાણપત્ર મેળવશે તેને ગુજરાતમાં એઈડ્‌ઝ પ્રોજેકટમાં પ્રથમપસંદગી આપવામાં આવશે." અંતમાં રાષ્ટ્રગાન સાથે આ એક દિવસીય પ્રશિક્ષણ-પરિસંવાદનું સમાપન કરવામાં આવ્યું હતું.

## CBCS કાર્યક્રમ:

આ યુનિવર્સિટી દ્વારા CBCS કાર્યક્રમ અંતર્ગત નીચેની યુનિવર્સિટીઓ સાથે MOU થયેલ છે.

(૧) ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ -કચ્છ.
(૨) ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.
(૩) હેમચંદ્રચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ (ઉ.ગુ.)
(૪) ગણપત યુનિવર્સિટી, ખેરવા
(૫) ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

## મોબાઈલ કલાસ રુમ:

"નાલંદા ઈન્સ્ટીટયુટ ઓફ એપ્લાઈડ ટેકનોલોજી" અમદાવાદએ યુનિવર્સિટીનું અભ્યાસ કેન્દ્ર છે. તે પ્રચાર -પ્રસાર દ્વારા શિક્ષણ આપી શકે તેવી ક્ષમતા ધરાવે છે.

" નાલંદા ઈન્સ્ટીટયુટ ઓફ એપ્લાઈડ ટેકનોલોજી અમદાવાદ દ્વારા અત્રેની યુનિવર્સિટીની મોબાઈલ વાન દ્વારા ઓફીસ આસિસ્ટન્ટ અને અન્ય કમ્પ્યુટર આધારિત અભ્યાસક્રમો ચલાવવા માટે આવેલ દરખાસ્ત અન્વયે મોબાઈલ કલાસ રૂમ માટે કરાર કરવામાં આવેલ છે. યુનિવર્સિટી તરફથી નાલંદા ઈન્સ્ટીટયુટ ઓફ એપ્લાઈડ ટેકનોલોજી, અમદાવાદને ચેચીસ અને ડ્રાઈવરની સુવિધા આપવામાં આવશે.

યુનિવર્સિટીની જે ત્રણ ચેચીસ છે તેની પર બોડી તથા અન્ય આવશ્યક ઉપકરણો બનાવવાના ખર્ચ સિહત તેમાં વપરાતા ઈંધણ અને મેન્ટેનન્સને લગતા ખર્ચની જવાબદારી નાલંદા ઈન્સ્ટીટયુટ ઓફ એપ્લાઈડ ટેકનોલોજી, અમદાવાદે ભોગવવાની રહેશે.

સદરહું પ્રોજેકટ હાથ ધરવાથી મોબાઈલ કલાસ રૂમ મારફતે શિક્ષણનો પ્રચાર-પ્રસાર થશે અને

વિદ્યાર્થીઓના **Placement** માં પણ મદદ રૂપ બનશે. નાલંદા ઈન્સ્ટીટયુટ ઓફ એપ્લાઈડ ટેકનોલોજી, અમદાવાદ તરફથી વિદ્યાર્થીની ફિ એકત્રીત થશે તે 25% પૈકી ની રકમ યુનિવર્સિટીમાં ભરપાઈ કરવાની રહેશે.

પ્રથમ તબ્બકે હાલમાં તૈયાર મોબાઈલ સ્ટડી વાન (કામધેનુ)ને ઉપયોગમાં લઈ પાઈલોટ પ્રોજેકટ તરીકે તેનો અમલ કરવામાં આવશે.

## પ્રાસંગિક :

**સ્વાતંત્ર્ય દિનની ઉજવણી**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને આર. સી. ટેકનિકલના પટાંગણમાં ૬૩મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી આર. સી. ટેકનિકલના પ્રિન્સીપાલ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવીને કરવામાં આવી હતી.

રાષ્ટ્રપર્વના આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના નિયામકશ્રી એસ.સી.શાહ ,વ્યાખ્યાતાશ્રી, અધિકારીશ્રી, કર્મચારીઓ તેમજ આર. સી. ટેકનિકલના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આર. સી. ટેકનિકલના પ્રિન્સીપાલે પોતાના વકતવ્યમાં જણાવ્યું કે ગુજરાત રાજય જે પ્રગતિના પંથે છે તેને આગળ વધારવા માટે પ્રયાસ કરીશું. ત્યારબાદ આર. સી. ટેકનિકલના એન.સી.સી.ના વિદ્યાર્થીઓની પરેડ બાદ આર. સી. ટેકનિકલના કર્મચારી અને વિદ્યાર્થીએ સ્વાતંત્ર્ય ગીતનું ગાન કર્યું અને કાર્યક્રમ પૂર્ણ થયો.

## પ્રોગ્રામએડવાઈઝરી કમિટીની બેઠક

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં સંસ્કૃત ભાષામાં ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ કરવા અંગે પ્રોગ્રામએડવાઈઝરી કમિટીની બેઠક યુનિવર્સિટી મુખ્ય મથકે યોજવામાં આવેલી હતી. જેમાં ૨૦ ક્રેડીટના ડિપ્લોમા અભ્યાસક્રમનું માળખું તૈયાર કરવા તેમજ તેની અભ્યાસસામગ્રી તૈયાર કરાવવા માટેના મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા.

આ બેઠકમાં નવા અભ્યાસક્રમની તૈયાર કરવાની થતી મૌલિક અભ્યસાસામગ્રી ગુણવત્તાસભર બને તે અને અભ્યાસસામગ્રી ઝડપી તૈયાર થાય તે માટે સંસ્કૃત વિષયના સુવિખ્યાત નીચે મુજબના તજજ્ઞોને આ કામગીરી સોંપવા નિર્ણય થયેલ હતા.

(૧) ડૉ. રાજેન્દ્ર આઈ. નાણાંવટી
નિવૃત્ત પ્રોફેસર (એમ. એસ. યુનિવર્સિટી)

(૨) ડૉ. નિરંજન પટેલ
રીડર (એસ. પી. યુનિવર્સિટી)

(૩) ડૉ. વિજય ડી. પંડયા
નિવૃત્ત પ્રોફેસર (ગુજરાત યુનિવર્સિટી)
નિયામક એલ. ડી. ઈન્ડોલોજી

(૪) ડૉ. શાંતિકુમાર પંડયા
નિવૃત્ત પ્રોફેસર (સેંટ ઝેવિયર્સ કોલેજ)

(૫) ડૉ. વિશ્વનાથ જી. શાસ્ત્રી
નિવૃત્ત પ્રિન્સીપાલ (કડી કોલેજ)
નિવૃત્ત કાર્યકારી નિયામક (**BAOU**)

## યુનિવર્સિટીની નવી નિમણુંકો :

**(1) OSD Finance ની નિમણુક :**

યુનિવર્સિટીની જરૂરીયાત અને શ્રી મુળચંદ એલ. રાણાની તા. ૧૨/૭/૨૦૧૦ની અરજીને ધ્યાને લઈને તા. ૧૨/૭/૨૦૧૦ થી તા.૧૦/૧/૨૦૧૧ સુધી યુનિવર્સિટી સ્ટેચ્યુટ **25(8)** અન્વયે ઓફીસર ઓન સ્પેશીયલ ડયુટી (ફાયનાન્સ) તરીકે શ્રી મુળચંદ રાણાને કરાર આધારીત નિમણુંક આપવામાં આવેલી છે.

**(2) મદદનીશ કુલસચિવ :**

સ્ટાફ સિલેકશન કમિટી દ્વારા પસંદગી પામેલ શ્રી ભાવીનભાઈ એન. ત્રિવેદીને કરાર આધારીત નિમણુંક આપવામાં આવેલી છે.

**(3) મદદનીશ નાણાં અધિકારી**

શ્રી આર.એમ.રાવલ, હિસાબી અધિકારી વર્ગ-૧ (જુનીયર ડ્યુટી)ને સરકારશ્રીના નાણાં વિભાગની અધિસૂચના ક્રમાંક - તમસ- ૧૮૨૦૦૮-૨૮૪૫-૩ તા. ૨૫-૦૮-૨૦૧૦થી યુનિવર્સિટી ખાતે પ્રતિનિયુક્તિથી નિમણૂંક કરેલ, જે અન્વયે તેઓ તા. ૨૭-૦૮-૨૦૧૦ના રોજ ફરજ પર હાજર થયેલા છે અને તેઓને મદદનીશ નાણાં અધિકારીની જગ્યાનો હવાલો સોંપવામાં આવેલો છે.

## પીએચ.ડી થયા

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ગ્રંથપાલ તરીકે ફરજ બજાવતા ચેતના શાહ ડૉ.શિવદાન ચારણના માર્ગદર્શન હેઠળ **"The Role, Usefulness, Importance and Service of Open University Library in Distance Education in Gujarat State: A Study "** વિષય પરના મહાનિબંધને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડીની પદવી એનાયત કરેલ છે.

## સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત કેન્દ્રો દ્વારા થયેલ કાર્યક્રમો

### મને ગમતુ પુસ્તક વાર્તાલાપ

તા. ૨૭મી જૂનના રોજ અભ્યાસ કેન્દ્ર ૦૧૨૧ પર ફેબ્રુઆરી ૨૦૧૦માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે 'મને ગમતું પુસ્તક વાર્તાલાપ' તથા ' પ્રેરણાસભા' નો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં શ્રી એચ. કે. આર્ટ્સકોલેજના આચાર્યશ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ, એચ. એ. કોલેજના ભૂતપૂર્વ આચાર્યશ્રી ટી. જે. પુરાણી સાહેબ અને ૮૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સંકલ્પ અંગે વિસ્તૃતમાં માહિતી પ્રા. વિમલ પંડયાએ આપી હતી.

પ્રથમ બેઠક અંતર્ગત શ્રી સુભાષભાઈએ 'મને ગમતા પુસ્તક' ઉપર વાર્તાલાપની શરૂઆત કરીને કેમ વાંચવું જોઈએ, શા માટે વાંચવું જોઈએ, વાંચવાના ફાયદા શું છે, વગેરે વિશે વિશેષ છણાવટ કરી હતી. જયારે શ્રી પુરાણી સાહેબે સોક્રેટિસ વિશે તથા તેના નાટકો વિશે સુંદર રજૂઆત કરી હતી.આ બંને મહાનુભાવોને વિદ્યાર્થીઓ તરફથી અંતમાં પ્રશ્ન પણ પૂછવામાં આવ્યા હતાં.

### પ્રેરણાસભા

બીજી બેઠકમાં પ્રેરણાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી સુભાષભાઈએ વિદ્યાર્થીઓને જીવનમાં કેવી રીતે આગળ વધવું જોઈએ, કેવી રીતે મુશ્કેલીઓનો સામનો કરવો જોઈએ, કેવી રીતે બોલવું જોઈએ, કેવી રીતે વર્તન કરવું જોઈએ. આ અંગે તેઓએ સ્વામી વિવેકાનંદજી, સુભાષચંદ્ર બોઝ વગેરે જેવી વ્યકિતઓ વિશે છણાવટ કરીને વિદ્યાર્થીઓમાં પ્રેરણા મળી રહે તેવા પ્રસંગોનું વર્ણન કરેલ હતું.

અંતમાં પ્રા. વિમલ પંડયાએ વિદ્યાર્થીઓએ પણ કંઈ પણ કહેવું હોય તો કહેવાનો અનુરોધ કર્યો હતો. બે વિદ્યાર્થીઓએ તેમને ગમતા પુસ્તક વિશે ખૂબ જ ટૂંકાણમાં એકાદ બે વાકયમાં રજૂઆત કરી હતી.જે ઉત્સાહપૂર્ણ હતી.

## સ્વર્ણિમગુજરાત પદ્ય-પર્વની ઉજવણી કાર્યક્રમ

આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર દ્વારા ચાલતા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અભ્યાસ કેન્દ્ર(૧૦૦૨) દ્વારા ગુજરાત રાજ્ય પ્રેરિત સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમ ઉપક્રમે તા.૨.૫.૨૦૧૦ ને રવિવારના રોજ બનાસવાસી કવિઓ-શાયરો અને સાહિત્યકારો દ્વારા "સ્વર્ણિમ ગુજરાત પદ્ય-પર્વ" ની શાનદાર ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના નિયામક (SSS) શ્રી ડૉ. મેહુલભાઇ પંડ્યા અને વ્યા. નવનીત ગાયકવાડ, કેમ્પસ નિયામક ડૉ.એમ.વી.હાથી,પ્રિ.વાય.બી.ડબગર, બનાસકાંઠા જિલ્લાના કવિ-શાયરો, નગરના આમંત્રિત મહેમાનો અને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત યુવાન વિદ્યાર્થી ભાઇ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા

પ્રાર્થનાથી કાર્યક્રમની શુભ શરૂઆત થઈ.

કોલેજના પ્રિ. ડૉ.વાય.બી. ડબગર સાહેબે કાર્યક્રમમાં ઉપસ્થિત અતિથિ વિશેષશ્રીઓ, સર્જકો, આમંત્રિત મહેમાનો ને વિદ્યાર્થી ભાઈ-બહેનોનું શાબ્દીક સ્વાગત કરીને સર્વેને ભાવ-પૂર્વક આવકાર્યા હતા. તથા સ્વર્ણિમ ગુજરાતની હેતુલક્ષી ભૂમિકા સમજાવીને કાર્યક્રમની સફળતા માટે પોતાની હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમમાં અતિથિશ્રીઓ અને સર્જકશ્રીઓને પુષ્પ-ગુચ્છ અર્પણ કરીને સ્વાગત કરી, મહેમાનોના હસ્તે દીપ પ્રાગટય કરીને કાર્યક્રમની વિધિવત શરૂઆત કરવામાં આવી હતી.

કોલેજના ગ્રંથપાલ અને કાર્યક્રમના સંયોજક શ્રી માનિસંહભાઈ ચૌધરીએ કાર્યક્રમની રૂપરેખા અને અભ્યાસ કેન્દ્ર વિશે વિસ્તૃત માહિતી આપતું મનનીય વકતવ્ય આપ્યું હતું. શ્રી માનિસંહભાઈ ચૌધરીએ પોતાના પ્રાસંગિક વકતવ્યમાં બનાસવાસી સર્જકો દ્વારા સર્જાયેલ

પુસ્તકો અને સાહિત્ય સર્જન પાલનપુર કોલેજ લાયબ્રેરી એક અલગ ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરે તે માટે "બનાસ-કોર્નર" ઊભુ કરવાની પોતાની વરસો જૂની ઈચ્છા અને ભાવનાને વ્યકત કરી હતી.

ગુજરાતના ખ્યાતનામ ગઝલકાર શ્રી મુસાફીર પાલનપુરીએ કવિ સંમેલન સંચાલનનો દોર સંભાળીને મુશાયરાની શરૂઆત ગઝલ-ભૂમિ એવી જન્મભૂમિ પાલનપુરના ગુણગાન ગાતો શેર લલકાર્યો હતો.

'સાવસેલી તોય માની ગોદ છે,
માન-પાવન એને ચારે ધામથી'

સંચાલનના દોરમાં તેમણે પાલનપુરના મશહુર શાયરો, તેમના કેટલાક અમરત્વ પામેલ શેર સાથે યાદ કર્યા હતા.

મુશાયરાની શરૂઆત શ્રી જગદીશ ઉપાધ્યાયની સુંદર ગઝલથી થઈ

"આ સ્મિતનો ઈશારો તારો મને ગમે છે,
આ રીતનો ઈજારો તારો મને ગમે છે."

ત્યાર બાદ શ્રીમતિ અનીલાબેન શાહે "સ્વર્ણિમગુજરાત" નો મિહમાગાતી "મારા સ્વર્ણિમ પગલાઓમાં તમારા પગલા પાડો..." જેવી સરસ મજાની અછાંદસ રચના રજુ કરી.

શુન્ય પાલનપુરીના સમકાલીન એવા બુઝર્ગ શાયર શ્રી યુગ પાલનપુરીએ તેમની બે રચનાઓ પ્રસ્તુત કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

"માનવતા જયાં હરપળે હરખાતી છે,
સમજી લેજો ત્યાં બધા ગુજરાતી છે."

પાલનપુરના મીજાજી અને તેજાબી કલમનાં શાયર બાગી પાલનપુરીએ પોતાનાં આગવા જોશીલા અંદાજમાં તેમની ધારદાર ગઝલ રજુ કરીને સભાગૃહમાં ગઝલનો મીજાજ પાથરી દીધો.

"સપના કરે છે સિધ્ધ, આ સ્વર્ણિમગુજરાત છે,
ગાથા છે જગ પ્રસિધ્ધ, આ સ્વર્ણિમગુજરાત છે....

ડીસાના નામાંકિત કવિ શ્રી ભગવાનભાઈ બંધુએ પોતાના બુલંદ અવાજમાં સ્વર્ણિમગુજરાતની થીમવાળી ગઝલ પ્રસ્તુત કરી હતી.

શ્રી શુષ્ક પાલનપુરીએ "તમારા વિના" રદીફ વાળી રચના પ્રસ્તુત કરી જેનો મકતાનો શેર..

"રહયો અતીતને પામવા એમજ ઉદાસ
અશ્રુ આવી ને થંભી ગયા તારા વિના..."

ગઝલના વ્યાવર્તક લક્ષણોનો જેમની રચનાઓમાં મહદઅંશે વિનિયોગ થાય છે. તેમજ નૂતન રદીફ યોજનાના પ્રક્ષયે ભાવનું ઔચિત્ય સાધતા શાયર નરેન્દ્ર જગતાપે તેમની બે સુંદર ગઝલો પ્રસ્તુત કરી તેના બે મજેદાર શેર,

"અંબરમાંથી ભર ચોમાસે કાચું સોનું ઢોળાયે તો મારે શું?
આંબે કેરી આવે નહી ને લીંબોળી ઝોલા ખાયે તો મારે શું?

"વરસો જૂના હું દાયરામાં જીવું છું,
ઉત્તર વગરનાં કોયડામાં જીવું છું"

આધ્યાત્મિકતાનાં સુમ્ય વ્યંજનોને નિરૂપણ કરતી સુંદર મજાની ગઝલ શ્રી મન પાલનપુરીએ રજુ કરી હતી જેનો સુંદર મત્લા શેર,

"ઠરેલી આગ પરની રાખ ખંખેરી રહ્યો છું
મને ખુદને જ મારી જાતમાં શોધી રહ્યો છું."

પાલનપુરના યુવાન નવોદિત શાયરશ્રી મેહુલ જોષીએ જિંદગીના તમામ દુઃખો સામે લડી નાખવાની ખૂમારી ભર્યા નીચેના મત્લા શેર ધરાવતી ગઝલ પસ્તુત કરી,

"એટલી તાકાત તો છે કે લડી નાખીશ હું પણ
દુઃખ મારા હે ખૂદા તારી દયા થી દૂર ના હો"

પ્રા. મહેશ મકવાણાએ વ્યંજનાપૂર્ણ શૈલીથી રચાયેલી અને ગઝલની શેરિયતને તંતોતંત ઉજાગર કરતી બે સુંદર ગઝલો પ્રસ્તુત કરેલ

"વળાંકે - વળાંકે વળીને જવું કયાં?

બની જઉં નદી પણ વહીને જવું કયાં ?

"આંખે સમાય એટલું આકાશ હોય બસ,

ને હો જમીન પગ તળે તો પણ ઘણુંય છે."

બનાસકાંઠાના અને ગુજરાતી સાહિત્યના નામાંકિત નવલકથાકાર, કટાર લેખક એવા શ્રી કનુભાઈ આચાર્યએ સાહિત્ય, ધર્મ અને સાહિત્ય કર્મ વિષે સુંદર સાહિત્યિક વકતવ્ય આપ્યું. કોલેજ લાયબ્રેરીમાં "બનાસ કોર્નર" રચવાની માનસિંહભાઈ ચૌધરી ની ઈચ્છા અને ભાવનાની વાતને સમર્થન આપતા તેમણે જણાવ્યું કે બનાસવાસી સર્જકો દ્વારા સર્જાયેલ પુસ્તકો તેમજ ઉત્તમ સાહિત્ય તેમાં સ્થાન પામે અને એ રીતે બનાસ - કોર્નરમાં બનાસની પ્રાચીન હસ્તપ્રતો થી અર્વાચીન સમય સુધીનાં સર્જકોની કૃતિઓ જાળવી શકાય અને ઉપલબ્ધ કરી શકાય તેમાટે દરેકને સહયોગ આપવા પુનઃ અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમની પૂર્ણાહૂતિમાં કવિશ્રી મુસાફીર પાલનપુરીએ તેમની ઉત્તમ ગઝલો સંભળાવીને તમામશ્રોતાગણને ગઝલ-રસ માં રસ તરબોળ કરી દીધા હતાં. તેમણે તેમની રજુઆતમાં જણાવ્યું કે,

ગહન ગઝલ-તપસ્યાં અને શાસ્ત્રીય જ્ઞાન શીલતાને લીધે જ ગુજરાત અને ગુજરાત બહાર પાલનપુરી ગઝલ સર્જકોનું આગવું અને અનેરું સ્થાન અંકિત થયેલું છે. પૂર્વજોના આ ગઝલ વારસાનુ જતન-ગૌરવ જાળવવું પ્રત્યેક બનાસવાસી સજર્કની ફરજ થઈ પડે છે.

કાર્યક્રમને સફળ બનાવવા પ્રિ.વાય.બી.ડબગર અને સેવા પરસ્ત કર્તવ્યનિષ્ઠ એવા શ્રી માનિસંહભાઈ ચૌધરીએ આગવું આયોજન કર્યુ હતું. વિશાળ શ્રોતાઓની ખીચોખીચ ઉપસ્થિતિમાં સર્વે સર્જકોને શ્રી શુન્ય પાલનપુરીના સમગ્ર સર્જન "શુન્યની સૃષ્ટિ" ગ્રંથ ભેટ રૂપે આપીને સર્વેનું સન્માન કરવામાં આવ્યું હતું.

(૧) પરિચય છે, મંદિર નાં દેવોને મારો
અને મસ્જિદોમાં ખૂદા ઓળખે છે
નથી મારું અસ્તિત્વ કોઈ થી અજાણ્યું
તમારા પ્રતાપે બધાં ઓળખે છે.

-શુન્ય પાલનપુરી.

(૨) મારી પાછળ, મારી હસ્તી એ રીતે વિસરાઈ ગઈ,
આંગળી જળમાંથી નીકળી ને જગા પુરાઈ ગઈ.

-ઓજસ પાલનપુરી.

(૩) " જીવનની સમી સાંજે મારે જખ્મોની યાદી જોવી હતી,
બહું ઓછા પાના જોઈ શકયો બહું અંગત અંગત નામ હતાં."

-સૈફ પાલનપુરી.

(૪) બસ એજ કહી રહી છે ડાળ ઝુકેલી,
તું પોતે ઝૂકી જાતો ઝૂકી જાય જમાનો....

-મુસાફીર પાલનપુરી.

(૫) મારું એકાન્ત જન્નત સમું છે અગમ
જે ન આવે અહી તે ગુનેગાર છે.

-અગમ પાલનપુરી.

## દાહોદ જિલ્લાની સ્વર્ણિમગાથા

ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય તથા ગુર્જર ભારતી સંચાલિત મહિલા બી.એડ્. કોલેજ નગરાળાના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫-૦૯-૨૦૧૦ ના રોજ સ્વર્ણિમ ગુજરાત પર્વની ઉજવણીરૂપે દાહોદ જીલ્લાની સંસ્કૃતિની સ્વર્ણિમગાથા નો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં ચિત્ર સ્પર્ધા, નાટ્ય સ્પર્ધા અને આદિવાસી નૃત્ય યોજવામાં આવેલ હતું. આ સ્વર્ણિમ કાર્યક્રમ સમારંભમાં ઉદ્ઘાટક માનનીય કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, સમારંભના પ્રમુખ માનનીય જિલ્લા વિકાસ અધિકારી સાહેબ, સમારંભના મુખ્ય મહેમાન એડીશનલ કલેકટર અને પ્રોજેક્ટ એડમીનીસ્ટ્રેટર ટ્રાયબલ સબપ્લાનના સાહેબશ્રી (શ્રી એન.જે માલવિયા) ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ.હરીશ દેસાઈ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી વી.કે. આહીર, મહિલા કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી શ્રીમતી ચન્દ્રકાંતા ધાનકા તથા પ્રિન્સીપાલ જીતેન્દ્ર પંચાલ વગેરેની અધ્યક્ષતામાં આ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

## "વાંચે ગુજરાત"

ખેડા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં (સેન્ટર કોડ-૪૧૮) "વાંચો ગુજરાત અભિયાન" અંતર્ગત

૧. તા. ૨૪/૬/૧૦ થી તા. ૨૫/૬/૧૦ પુસ્તક મેળા નું આયોજન કરવામાં આવેલું હતું.
૨. તા. ૧૦/૮/૧૦ ના રોજ "જીવનમાં પુસ્તકોનું સ્થાન" નિબંધ સ્પર્ધા સમગ્ર કોલેજનાં વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવેલી હતી.
૩. તા. ૨૭/૮/૧૦ ના રોજ કુલ ૩૦ પુસ્તકોનો બુક રિવ્યુ કરવામાં આવેલો હતો.
૪. તા. ૧૩/૧૦/૧૦ ના રોજ સમગ્ર કોલેજનાં (૪૦૦)વિદ્યાર્થીઓને મફત પુસ્તિકા વિતરણ કાર્યક્રમમાં પુસ્તિકા વહેંચવામાં આવી.

## ડૉ રંગનાથન જન્મજયંતી ની ઉજવણી

ડૉ. આંબેડકર ઓપન યુનિવર્સિટીના કેન્દ્ર : શ્રી સાર્વજનિક કોમર્સ કોલેજ, ગોધરા ખાતે લાયબ્રેરી સાયન્સના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૦૯/૦૮/૨૦૧૦ ના રોજ ડૉ એસ. આર. રંગનાથ જન્મજયંતિની ઉજવણી તેમજ વાર્ષિકદિનનો કાર્યક્રમ યોજાયેલ. જેમાં શરૂઆતમાં હિરલબેન સોલંકી દ્વારા પ્રાર્થનાગીત રજૂ કરવામાં આવેલ. પ્રિન્સીપાલશ્રી દવે સાહેબ તથા ગ્રંથપાલ સર્વશ્રી કનુભાઈ પટેલ (હાલોલ કોલેજ), શ્રી શૈલેષભાઈ પટેલ (કાંકણપુર કોલેજ), શ્રી વિમલભાઈ ગાંધી (સીમલીયા કોલેજ), શ્રી અનિલભાઈ પટેલ (કોઠંબા કોલેજ) તથા શ્રી રાજેશભાઈ પટેલ (કલોલ કોલેજ) દ્વારા દિપ પ્રાગટય કરી કાર્યક્રમ ખૂલ્લો મૂકયો હતો અને પ્રાસંગિક પ્રવચનમાં ગ્રથાલયનું મહત્વ સમજાવેલ. જાનકી જોષીએ 'વાચે ગુજરાત' અભિયાના અંગે માહિતી આપેલ ડૉ. એસ.આર.રંગનાથનના જીવન-કવન વિશે શ્રી કૃષ્ણરાજ વિરપુરા એ પોતાનું વકતવ્ય રજૂ કરેલ, શેર-શાયરી સાથે કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ - કુ. જયોતિ ચૌહાણ, કુ. ચૈતાલી શાહ, શ્રી દીપક સિસોદીયા, અદિબા શેખ તથા શ્રી ભાવેશ પારેખ દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગને વધુ શોભાયમાન બનાવવા માટે પાવી-જેતપુર કોલેજનાં ગ્રંથપાલ (હાલ કેનેડાસ્થિત) શ્રી કિરીટભાઈ પટેલે ટેલીફોન દ્વારા સૌને અભિનંદન પાઠવ્યા અને દરેક વિદ્યાર્થીને સ્મૃતિચિહ્ન અર્પણ કરેલ.

## ફ્રી મેડીકલ કેમ્પ :

તા.૨૬/૭/૧૦ના રોજ શિવાશ્રમનેચર કેર ટેમ્પલ કેન્દ્ર કોડ ૦૫૦૫ માં **C.I.N.** અને **C.Y.S.** કોર્સના વિદ્યાર્થીના સહયોગથી અને **B.A.O.U.** ના સૌજન્યથી નેચરોપથીનો ફ્રી મેડીકલ કેમ્પ નું ગુરુંપુર્ણિમાના રોજ આયોજન કરવામાં આવ્યું હતું તેમા જલચિકિત્સા, એકયુપ્રેશર, મસાજ, કંપનચિકિત્સા, શિરોધરા જેવી નેચરોથી અને પંચકર્મ મુજબની ટ્રીટમેન્ટ આપવામાં આવી હતી. તેમા અમદાવાદ, ગાંધીનગર અને કલોલ આજુબાજુના **'45'** લોકોએ લાભ લીધો હતો.

## Digital English Language Lab

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના તેમજ ગુજરાત સરકારના સંયુકત ઉપક્રમે **DELL** કાર્યક્રમ અંતર્ગત ગત વર્ષ દરમિયાન રાજયની **23** કોલેજોને તેમજ **1** નવતર પ્રાયોગીક ધોરણે સાબરમતી સેન્ટ્રલ જેલમાં કેદીઓના પુનઃવર્સન માટે અદ્યતન લેંગ્વેજ લેબો ફાળવવામાં આવેલ છે.

ગત વર્ષ દરિમયાન નવી લેંગ્વેજ લેબો ને મંજુરી આપવાની કામગીરી અર્થે પ્રોજેકટ કોઑર્ડીનેશન ટીમ(**PCT**) નું સંગઠન કરવામાં આવેલ. ઉકત **PCT** દ્વારા સંસ્થાની યોગ્ય ચકાસણી બાદ નવી **DELL** ની મંજુરી આપવામાં આવશે.

## સ્વાધ્યાય કાર્ય વિભાગ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ઓગસ્ટ-**2010**માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓના માસ્ટર ડિગ્રી, બેચલર ડિગ્રીના તમામ અભ્યાસક્રમોના સ્વાધ્યાયકાર્યો ઓકટોબર મહિનામાં તેમના અભ્યાસકેન્દ્ર પરથી મેળવવાના રહેશે. યુનિવર્સિટીમાં ચાલતા હેલ્થ ડિપ્લોમા અભ્યાસક્રમ **DVHW/DMCH** તેમજ કોમર્સ ડિપ્લોમા **DOR, DACA, DIN, DFM, DAA** અને ભાષા ડિપ્લોમા **DCE, DCH** અભ્યાસક્રમના સ્વાધ્યાયકાર્યો વિદ્યાર્થીઓને પોતાના રહેઠાણના સરનામે મોકલી આપવામાં આવશે.

યુનિવર્સિટીમાં ઓગસ્ટ-૨૦૦૮ પહેલાં દરેક અભ્યાસક્રમ/પાઠયક્રમમાં ક્રેડીટ મુજબ આઠ ક્રેડીટમાં ત્રણ અને ચાર ક્રેડીટના પાઠયક્રમમાં બે સ્વાધ્યાયકાર્યો

વિદ્યાર્થીઓને તૈયાર કરવાના થતા હતા. આ પધ્ધતિમાં વર્ષ-૨૦૦૮થી 'APB' ની મંજૂરી અન્વયે ફેરફાર થયેલ છે. નવી પધ્ધતિ મુજબ ઓગસ્ટ-૨૦૦૮થી માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમમાં પાઠયક્રમદીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય તેમજ ઓગષ્ટ-૨૦૦૯થી B.A./B.Com./ Diploma અભ્યાસક્રમમાં પાઠયક્રમદીઠ એક એક સ્વાધ્યાયકાર્ય તૈયાર કરવાના હોય છે. અભ્યાસકેન્દ્રના સંયોજકશ્રીઓ તેમજ વિદ્યાર્થીઓએ આ બાબતમાં ખાસ ધ્યાન આપવાનું રહેશે. જૂના વિદ્યાર્થી માટે (ઓગસ્ટ-૨૦૦૮/ઓગસ્ટ-૨૦૦૯ પહેલા) જૂની પધ્ધતિ મુજબના જૂના સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાના રહેશે. વિદ્યાર્થીઓને પોતાના (હેલ્થ ડિપ્લોમા સિવાયના) સ્વાધ્યાયકાર્યો નિશ્ચિત કરેલી અંતિમતારીખમાં પોતાના અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવા અનિવાર્ય છે.

દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થીઓ માટે સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાના અનિવાર્ય છે. જેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને સ્વ-અધ્યયન અને તેના સતત મૂલ્યાંકન દ્વારા પરીક્ષા માટે તૈયાર કરવાનો છે. વિદ્યાર્થીઓએ પુસ્તકોનો કેટલો અભ્યાસ કરેલ છે. અધ્યયનથી જે શીખ્યા છે, સમજ્યા છે તેને પોતાના શબ્દોમાં આલોચનાત્મક રીતે લખી શકે છે. તેનું મૂલ્યાંકન સ્વાધ્યાયકાર્ય દ્વારા કરાવવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ સ્વાધ્યાય મૂલ્યાંકનના આધારે પોતાની પ્રગતિની ચકાસણી કરતાં હોય છે. આથી વિદ્યાર્થીઓને પ્રશ્નના જવાબ પોતાની ભાષામાં લખવાની પ્રેકટીસ થાય છે.

અમે ઈચ્છીએ છીએ કે વિદ્યાર્થીઓ દ્વારા નિશ્ચિત તારીખમાં જમા કરાવેલ સ્વાધ્યાયકાર્યોને અભ્યાસકેન્દ્રના સંયોજકશ્રીઓ તેનું મૂલ્યાંકન પરામર્શકો દ્વારા કરાવી વિદ્યાર્થીઓને પરીક્ષા પહેલા પરત આપવાની કામગીરીની નોંધ અવશ્ય કરશો.

## પ્રવેશ વિભાગ

ફેબ્રુઆરી-2010 પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત કુલ 14,588 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ. યુનિવર્સિટી દ્વારા ફેબ્રુઆરી-2010 પ્રવેશથી Pay-in-slip દ્વારા ફી ભરવાની વ્યવસ્થા અમલી બનાવાઈ છે જેથી પ્રવેશ પ્રક્રિયા ઝડપી અને સુવ્યવસ્થિત થઈ શકે તથા વિદ્યાર્થીઓને પણ ફી ભરવામાં સરળતા રહે.વિદ્યાર્થીઓના પ્રવેશ થયા બાદ તેમને કન્ફરમેંશન લેટર મોકલવામાં આવેલ અને વિદ્યાર્થીઓના I-Card તેમના અભ્યાસકેન્દ્રો પર મોકલવામાં આવ્યા.

ઓગષ્ટ-2010 પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત પ્રવેશ જાહેરાત આપવામાં આવેલ . જેના ફોર્મ ભરી જે-તે કેન્દ્રો પર જમા કરાવવાની છેલ્લી તા. 14/8/2010 હતી BPP પાસ વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત F.Y.માં પ્રવેશ લેવા માટેના ઓફર લેટર મોકલવામાં આવ્યા છે. આ ઉપરાંત પ્રમોટીના વિદ્યાર્થીઓને S.Y., T.Y. તથા M.A.-IIના ઓફર લેટર મોકલવામાં આવ્યા છે. આ ઉપરાંત આ ફોર્મ આપણી યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર પણ Upload કરવામાં આવેલ હતા જેથી વિદ્યાર્થીઓને આ ફોર્મ સરળતાથી ઉપલબ્ધ થઈ શકે. અભ્યાસકેન્દ્રોને જણાવવાનું કે પ્રમોટી ફોર્મ કેન્દ્રોએ સ્વીકાર્યા હતા તથા BPP પાસ વિદ્યાર્થીઓને F.Y.માં પ્રવેશ આપવા માટે પ્રવેશ ફોર્મની એન્ટ્રી જીલ્લા કેન્દ્રોમાં કરવામાં આવેલ.

પેટા કેન્દ્રોએ તેમને જણાવવામાં આવેલ તારીખે જીલ્લા કેન્દ્રો પર સંપૂર્ણ ચકાસણી બાદ સહી/સિક્કા કરેલ ફોર્મ પહોંચાડયા હતા તથા જીલ્લા કેન્દ્રોએ નિશ્ચિત તારીખે એન્ટ્રી સાથેના પ્રવેશ ફોર્મ યુનિવર્સિટી ખાતે પ્રવેશ વિભાગમાં જમા કરાવ્યા હતા. પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. યાદી અને અભ્યાસ સામગ્રી મોકલી આપવામાં આવેલ છે.

ડૉ. ધવલ પંડયા

## Ph.D. વિભાગ

પી.એચ.ડી. વિભાગ દ્વારા ચાલુ વર્ષ દરમ્યાન કુલ 35 વિદ્યાર્થીઓએ તેમના શોધ નિબંધ રજૂ કરેલા. તેમના રેફરીઓ દ્વારા આપવામાં આવેલ અહેવાલો મુજબ તેમના Viva-voceનું આયોજન કરવામાં આવેલ. જેના રીપોર્ટના આધારે તમામને પી.એચ.ડી. અંગેના નોટીફિકેશન પાઠવવામાં આવેલ. જ્યારે ચાલુ માસ દરમ્યાન 5 વિદ્યાર્થીઓના Viva-voceનું આયોજન થયેલ અને તેમના નોટીફિકેશનની કાર્યવાહી આખરી તબક્કામાં છે.

## બી. એડ્. વિભાગ

બી. એડ્. અભ્યાસક્રમના પ્રથમવર્ષ (પ્રથમબેચ) 2007-2008માં પાસ થયેલ વિદ્યાર્થીઓની માર્કશીટ B.Ed.નાં અભ્યાસકેન્દ્રો પર મોકલી આપવામાં આવેલ છે. 2010ના B.Ed. પ્રવેશની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહેલ છે. B.Ed.નાં પરીક્ષા કેન્દ્રો પર 500 બેઠક માટે પ્રવેશ પરીક્ષાનાં આધારે પ્રવેશ અંગેની કાર્યવાહી માટે જાહેર ખબર આપવામાં આવેલ છે. 2008-2009માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની પરીક્ષા ઓક્ટોબર-નવેમ્બર મહિનામાં લેવામાં આવશે.

## SC/ST Cell

જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીની કચેરી, A-10, બહુમાળી મકાન (લાલ દરવાજા) દ્વારા ડૉ.

બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના CCC, CIC, B.A., B.Com., M.A. તથા MSWનાં વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મંજૂર થયેલ છે. જેના ચેક અત્રેની કચેરી દ્વારા વિદ્યાર્થીઓના ઘેર મોકલવાની કામગીરી અંતિમ તબક્કામાં છે.

Aug.2009ના ફોર્મમાં ક્ષતિ જણાતાં વિદ્યાર્થીના ઘરે યોગ્ય પૂર્તતા કરવા મોકલાવેલ જે ટૂંક સમયમાં યુનિવર્સિટી દ્વારા સમાજ કલ્યાણ ખાતામાં મોકલી આપવામાં આવશે.

## સેન્ટર/વિદ્યાર્થીઓ માટેની ખાસ સુચનાઓ :

- વિદ્યાર્થીઓએ ક્ષતિપૂર્તતા કરાવવા માટે ઘરે મોકલાવેલ ફોર્મ સાથે જોડેલ ચેકલિસ્ટ બરાબર વાંચી જવું. તેમાં એનરોલમેન્ટ નંબર, કોર્ષની વિગત તેમજ અન્ય જરૂરી વિગતો બરાબર ભરીને, ડોક્યુમેન્ટસ જોડીને પછી જ યુનિવર્સિટી પર ફોર્મ પરત મોકલવાનું રહેશે.
- વિદ્યાર્થીએ S.S.C.નાં અભ્યાસક્રમથી શરૂ કરીને છેલ્લા અભ્યાસક્રમ સુધીની બધી જ વિગતો ફોર્મમાં ભરી તે અભ્યાસક્રમની પ્રામાણિત કરેલ નકલો ફોર્મ સાથે જોડવી તેમજ અભ્યાસ દરમ્યાન તૂટ પડેલ હોય તો તૂટનાં સમયનું ઓરીજનલ એફીડેવિડ જોડવું. આ સાથે વિદ્યાર્થીએ આઈ-કાર્ડની ઝેરોક્ષ નકલ અને જાતિનાં પ્રમાણપત્રની પ્રામાણિત નકલ જોડવી જરૂરી છે.
- વિદ્યાર્થીનીએ જરૂરી પ્રમાણપત્રોમાં બહેનો આવકનાં પ્રમાણપત્રમાં (ફોર્મમાં) પતિની આવક દર્શાવી અલગથી આવકનું પ્રમાણપત્ર ઓરીજનલ જોડવું.
- વિદ્યાર્થી એક જ વર્ષમાં બે અલગ-અલગ અભ્યાસક્રમમાં જોડાયેલ હોય તો એક જ જગ્યાએ શિષ્યવૃત્તિ મળવાપાત્ર થતી નથી. વિદ્યાર્થીએ આગલા વર્ષે જે સંસ્થામાંથી અને જે અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ લીધેલ હોય તો તેની વિગતો ફોર્મમાં ભરવી.

Feb.2010ના વર્ષમાં પ્રવેશ મેળવેલ SC/ST વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મેળવવા માટેના અરજીપત્રકો સેન્ટરો પર યુનિવર્સિટી દ્વારા મોકલી આપવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓએ જે સેન્ટરમાં પ્રવેશ મેળવેલ હોય તે જ સેન્ટર ઉપરથી શિષ્યવૃત્તિનું ફોર્મ લઈ લેવું અને ચેકલિસ્ટ પ્રમાણે ફોર્મ ભરીને તે જ સેન્ટર ઉપર જમા કરાવવાનું રહેશે.

- વિદ્યાર્થીએ ઝેરોક્ષ કરાવેલ ફોર્મ ભરીને સેન્ટર ઉપર કે યુનિવર્સિટી પર મોકલાવશે તો તે માન્ય ગણાશે નહિ.
- વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ અંગેની માહિતી મેળવવી હોય તો તેમણે SC/ST Cell માંથી MO.9375367024 ફોન નંબર ઉપર ફોન કરીને માહિતી મેળવવાની રહેશે.

ડૉ. મીનાબેન રાજપૂત

## Computer Department

યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષ દરમ્યાન યુનિર્સિટીની વેબસાઈટને **Redesign** કરી ફરીથી હોસ્ટ કરવામાં આવેલ અને નવું નામ www.baou.edu.in કરેલ છે. તેમજ આ સાથે એક નવા પ્રોજેક્ટ તરીકે **Mobi pedia Online Dicationary** ચાલુ કરેલ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થી દ્વારા મોબાઈલ વડે કોઈપણ વર્ડ ને SMS માં ટાઈપ કરી આ 9429909999 ફોન નંબર પર સેન્ડ કરવાથી તે વર્ડના માહિતી SMS દ્વારા તે વિદ્યાર્થીના મોબાઈલ પર ઉપલબ્ધ કરવામાં આવે છે. આ સુવિધા 24x7 અવિરત કાર્યરત હોવાથી વિદ્યાર્થીને અભ્યાસ દરમ્યાન કોઈ પણ પ્રકારના વર્ડની માહિતિ ગણતરીની પળોમાં મળી શકે છે. તેમજ યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર નોલેજપોર્ટલની સુવિધા દ્વારા વિવિધ અભ્યાસક્રમોનું E-Content કરીને વેબસાઈટ પર મુકેલ છે. જેના દ્વારા વિદ્યાર્થીઓ આ Content ને ઓન લાઈન કે ઓફ લાઈન (Download) કરી પોતાની અનુકુળતાએ અભ્યાસ કરી શકે છે.

## ગ્રંથાલય વિભાગ :

ઓગષ્ટ-૨૦૦૯ માં બેચરલ ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફરમેશનસાયન્સ અભ્યાસક્રમમાં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીની સત્રાંત પરીક્ષા તા.૧૮/૯/૧૦ના રોજ થી શરૂ થનાર છે જે અંગેની જાહેર ખબર તા. ૧૦/૯/૧૦ ના વર્તમાન પત્રમાં આપવામાં આવેલ અને 3P અને 4Pની પ્રયોગિક પરીક્ષા બેચ પ્રમાણે આયોજન કરેલ હોવાથી કેન્દ્રો એ વિદ્યાર્થી ને તેની જાણ કરવી BLIS અભ્યાસક્રમના સ્વાધ્યાય કાર્યો ચેક કરાવીને માર્કસ યુનિવર્સિટી કાર્યાલય મોકલી આપવા.

ઓગષ્ટ-૧૦ BLIS પ્રવેશની જાહેરાત અન્વયે આશરે ૪૫૬ વિદ્યાર્થીએ પ્રવેશ લીધેલ છે જેની કાર્યવાહી પૂર્ણ કરી જે તે કેન્દ્રોને યાદી મોકલી આપવામાં આવેલ છે.

## સેમિનાર (સ્કોપ એન્ડ ચેલેન્જીસ ઓફ ડીસ્ટન્સ એજ્યુકેશન)

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સહયોગથી નલીની અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજમાં સ્કોપ એન્ડ ચેલેન્જીસ ઓફ ડીસ્ટન્સ એજયુકેશન વિશે બે દિવસના રાષ્ટ્રીય સેમીનાર યોજાયો હતો. જેમાં દોઢસોથી વધુ પ્રતિનિધિઓ ભાગ લીધેલ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વા.ચા. ડૉ. મનોજ સોનીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા સેમીનાર ના ઉદ્દઘાટન સમારોહમાં મધ્યપ્રદેશ ભોજ ઓપન યુનિવર્સિટીના વા.ચા. પ્રો. એસ. કે. સિંઘે ઓપન યુનિવર્સિટીનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે ભોજ યુનિવર્સિટીમાં ઓનલાઈન સીસ્ટમ તેમજ ઓપન યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર વિશે વિસ્તૃત અને અભ્યાસપૂર્ણ છણાવટ કરી હતી. કોલેજોમાં નિષ્ણાંત પ્રાધ્યાપકોની અછત અંગે ચિંતાની લાગણી વ્યકત કરી હતી. તેમણે સાયન્ટીફીક પ્રકારની પદ્ધતિઓ શિક્ષણમાં અપનાવવા અનુરોધ કર્યો હતો.

ઉદ્દઘાટન સમારોહના અધ્યક્ષ સ્થાનેથી પ્રવચન કરતા બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વા. ચા. ડૉ. મનોજ સોનીએ ઓપન અને પરંપરાગત યુનિવર્સિટીઓ વચ્ચે સહકારની હિમાયત કરી હતી. તેમણે ઉચ્ચ શિક્ષણનો લાભ લેનારા વિદ્યાર્થીઓની ટકાવારી ઓછી હોવા અંગે ચિંતાની લાગણી વ્યકત કરી હતી. તેમણે ચોઈઝ બેઝડ ક્રેડીટ સીસ્ટમ વખતે ૧૬ ટકા ગુણનો લાભ ઓપન યુનિવર્સિટીને આપીને પરંપરાગત અને ઓપન યુનિવર્સિટી વચ્ચે સહકારની હિમાયત કરી હતી. તેમણે પોતાના પ્રવચનમાં એ વાતનો સંકેત આપ્યો હતો કે બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી બીએસએનએલ સાથે સહકાર કરીને યુનિવર્સિટીનો અભ્યાસક્રમ મોબાઈલમાં ડાઉનલોડ કરવાના પ્રોજેકટ ઘડી રહી છે. જેમાં બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ મેળવેલી સિદ્ધિઓને વર્ણવી હતી.

અનુસંધાન પાન નં.૧૮

## અભ્યાસ કેન્દ્ર સંચાલન :

અભ્યાસ કેન્દ્ર સંચાલન વિભાગ દ્વારા ગુજરાતમાં ચાલતા વિવિધ કેન્દ્રોને લગતાં જે પ્રશ્નો ઊભા થાય છે. તે દરેક પ્રશ્નોનો ઊકેલ લાવવામાં આવશે. કોઈ પણ કેન્દ્રોમાં કોઈ પણ પ્રશ્ન બાબત કે સુધારા-વધારા બાબત માટે અભ્યાસ કેન્દ્ર સંચાલન વિભાગમાં જાણ કરવી અથવા ૯૩૭૫૩૬૭૦૦૫ પર ઊમેદભાઈ ધાધલનો સંપર્ક કરવો.

ફેબ્રુઆરી-૨૦૧૦ થી જુલાઈ-૨૦૧૦ સુધીના ૬ મહિનાનું માનદવેતન કેન્દ્રોના પ્રવેશ વિભાગ તરફથી મળેલ યાદીની સંખ્યાના આધારે તા. ૧૫/૦૭/૨૦૧૦ના રોજ કુલ ૧૬૭ જેટલા કેન્દ્રોને ચુકવી દેવામાં આવેલ છે.

અમુક કેન્દ્રો જે છેલ્લા ૬ સત્રથી બંધ તેવા ૧૭૧ કેન્દ્રો પાસેથી ઓછા માં ઓછી ૫૦ સંખ્યા થાય. તેનો બાંહેધરી પત્ર મંગાવવામાં આવ્યો હતો. તેમાં સ્વેચ્છાથી ૨૬ કેન્દ્રો બંધ થઈ ગયેલ છે.

જાન્યુઆરી-૨૦૦૯ માં આપેલ જાહેરાતમાં બાકી રહી ગયેલ કુલ ૪૨ જેટલા નવા કેન્દ્રો માટેની **L.I.C** કરવામાં આવેલ છે. તેમાં કુલ ૨૦ જેટલા નવા કેન્દ્રો શરૂ થયેલ છે. તેમાં મુખ્યત્વે કુલ-૯ જુદા જુદા રાજયોની જિલ્લા જેલ, ખાસ જેલને નવા કેન્દ્રો તરીકે માન્યતા આપેલ છે. ઉપરાંત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ના માનનીય કુલપતિશ્રી તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટ ના સભ્યશ્રી ની મંજુરીથી જેલના દરેક કેદીઓને મેનેજમેન્ટના સભ્યશ્રીની મંજુરીથી જેલના દરેક કેદીઓને ફીમાં માફી મળેલ છે. જેથી કેદીઓ નવેસરથી તેમની જીંદગીની શરૂઆત કરી શકે તેમજ તેમનું ભવિષ્ય ઉજજવળ બનાવવાની એક તક આપી શકાય. યોગ્ય લાગતાં દરેક કેન્દ્રોને માન્યતા મળેલ છે. તેમજ માળખાગત સુવિધાના અભાવે કે અન્ય કારણોસર યોગ્ય ન લાગતા કેન્દ્રોને ના મંજુર પણ કરવામાં આવેલ છે.

અભ્યાસ કેન્દ્રો / પ્રોગ્રામકેન્દ્રોને ખાસ જણાવવામાં આવે છે. કે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના દરેક વિદ્યાર્થીઓને દરેક કેન્દ્રો પરથી પુરતી માહિતી મળી રહે તેમજ કોઈ તકલીફ ન પડે તેવી વ્યવસ્થા કરવી.

## માન. કુલપતિશ્રીની મંજુરી મેળવેલ સેન્ટરોની યાદી

| ક્રમ | સેન્ટર કોડ | સેન્ટર નામ | કોર્ષ |
|---|---|---|---|
| 1 | 0430 | સત્યમકોમ્પ્યુટર સિલ્વર પોઈન્ટ, ઝાખલી તળાવ, ભોરસદ. | CCC-BAOU, PGDDE |
| 2 | 1522 | દેવ ઈન્ફોટેક પ્રથમમાળ, વી.આઈ.પી. કોમ્પ્લેક્ષ, ઓમઈનટરનેશનલની બાજુમાં, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા. | CCC-BAOU, BPP,CIC,CCCD, B.A.,B.COM.,M.A. |
| 3 | 0803 | અંબિકા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ મુ. પો. દાંડીપાડા, તા. આહવા, જી. ડાંગ. | CCC-BAOU, અગરબત્તી તાલીમ |
| 4 | 0804 | શ્રી બજરંગી સાર્વજનિક વિવિધ કાર્યકારી મંડળ, મુ. પો. ધવલી રોડ, તા. આહવા, જી. ડાંગ | CCC-BAOU,BPP, અગરબત્તી તાલીમ, બામ્બુ ક્રાફ્ટ મેકીંગ |
| 5 | 0805 | માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા મુ.પ. પિંપરી, તા. આહવા, જી. ડાંગ | CCC-BAOU,BPP, |
| 6 | 1218 | લીલા-ઉષા મહિલા ઉત્કર્ષ ટ્રસ્ટ શિક્ષણ દ્વારા સ્ત્રી સશક્તિકરણ, ૩૧, પિતૃછાયા, માસ્તર મીલ સોસાયટી, પાનવાડી, ભાવનગર. | CCC-BAOU,CIC |
| 7 | 1219 | શક્તિગ્રામવિકાસ ટ્રસ્ટ, ગાંધીચોક નગરપાલિકા ચોક, તા. તળાજા, જી. ભાવનગર. | CCC-BAOU,BPP, CIC |
| 8 | 0217 | યોગીજી મહારાજ મહાવિદ્યાલય, મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, યોગીનગર, ધારી, જી. અમરેલી | CCC-BAOU, BPP, CIC, B.A., M.A., B.COM., તમામ સર્ટિફિકેટ કોર્સ |
| 9 | 1439 | રાજકોટ જેલ | CCC-BAOU, BPP, CIC, B.A., M.A.,B.COM., તમામ સર્ટિફિકેટ કોર્સ |
| 10 | 1220 | ભાવનગર જેલ | CCC-BAOU, BPP, CIC, B.A., M.A.,B.COM., તમામ સર્ટિફિકેટ કોર્સ |
| 11 | 1904 | પોરબંદર જેલ | CCC-BAOU, BPP, CIC, B.A., M.A.,B.COM., તમામ સર્ટિફિકેટ કોર્સ |
| 12 | 1818 | સુરત જેલ | CCC-BAOU, BPP, CIC, B.A., M.A.,B.COM., તમામ સર્ટિફિકેટ કોર્સ |
| 13 | 1021 | પાલનપુર જેલ | CCC-BAOU, BPP, CIC, B.A., M.A.,B.COM., તમામ સર્ટિફિકેટ કોર્સ |
| 14 | 0612 | જામનગર જેલ | CCC-BAOU, BPP, CIC, B.A., M.A.,B.COM., તમામ સર્ટિફિકેટ કોર્સ |
| 15 | 0431 | નડિયાદ જેલ | CCC-BAOU, BPP, CIC, B.A., M.A.,B.COM., તમામ સર્ટિફિકેટ કોર્સ |
| 16 | 1331 | મહેસાણા જેલ | CCC-BAOU, BPP, CIC, B.A., M.A.,B.COM., તમામ સર્ટિફિકેટ કોર્સ |
| 17 | 0308 | ભૂજ જેલ | CCC-BAOU, BPP, CIC, B.A., M.A.,B.COM., તમામ સર્ટિફિકેટ કોર્સ |
| 18 | 2506 | વનવાસી કલ્યાણ મંડળ પહેલો માળ, રાજલક્ષ્મી ચેમ્બર, બસ ડેપોની સામે, ધરમપુર. | CCC-BAOU |
| 19 | 1111 | જ્ઞાનસરિતા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સરસ્વતિ વિદ્યામંદિર, વેજલપુર, નયના ચોક પાસે, ભરૂચ. | સ્નાતક, અનુસ્નાતક, ડિપ્લોમાં, સર્ટિફિકેટ કોર્સ |
| 20 | 1819 | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઊધના-મગદલ્લા રોડ, સુરત. | BLIS |

## કેન્દ્રો દ્વારા સંમતિથી બંધ કરેલ કેન્દ્રોની યાદી

| ક્રમ | સેન્ટર કોડ | અભ્યાસકેન્દ્રનું નામ |
|---|---|---|
| 1 | 0151 | સ્વામી વિવેકાનંદ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, દસક્રોઈ, અમદાવાદ. |
| 2 | 0113 | બી.ડી.આર્ટ્સ કોલેજ, અમદાવાદ. |
| 3 | 1718 | એક્સપેરિમેન્ટ કોલેજ ઓફ એજ્યુકેશન, પ્રાંતિજ, સાબરકાંઠા. |
| 4 | 1412 | શ્રી કુંભાણી એચ. ઝેડ. એન્ડ પી. જે. મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ, જેતપુર (કડી) |
| 5 | 0414 | ભારતીય જનસેવા સંસ્થાન 'સંસ્કારધામ', બોરસદ, આણંદ. |
| 6 | 2010 | શ્રી વિવેકાનંદ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરેન્દ્રનગર. |
| 7 | 1434 | શ્રી શારદા વિદ્યાભવન, રાજકોટ. |
| 8 | 1520 | શ્રીમતી સવિતાબેન ચુનીભાઈ પટેલ કોમર્સ કોલેજ, ડભોઈ, વડોદરા. |
| 9 | 0144 | શ્રી બી. આર. પટેલ નૂતન ફેલોશીપ હાઈસ્કૂલ, અમદાવાદ. |
| 10 | 1719 | શ્રી ચુનીલાલ શિવલાલ દેસાઈ ટ્રેકનિકલ ઈન્સ્ટીટ્યુટ, પ્રાંતિજ, સાબરકાંઠા. |
| 11 | 0106 | લોકમાન્ય કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, અમદાવાદ |
| 12 | 0146 | સાબરમતી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ. |
| 13 | 1216 | ઘરશાળા સંસ્થા, ભાવનગર. |
| 14 | 1109 | શ્રી નર્મદા એજ્યુકેશન ટ્રસ્ટ, ભરૂચ. |
| 15 | 0607 | શ્રી સરસ્વતી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા, કાલાવાડ, જામનગર. |
| 16 | 2202 | શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા, નવસારી. |
| 17 | 1321 | સેવા કેન્દ્ર, મહેસાણા. |
| 18 | 1322 | સેવા કેન્દ્ર ચેરીટેબલ ટ્રસ્ટ, મહેસાણા. |
| 19 | 1405 | સિસ્ટર નિવેદિતા ફાઉન્ડેશન, રાજકોટ. |
| 20 | 1428 | શ્રીમતી જે. જે. કુંડલીયા કોમર્સ કોલેજ, ભીલોડા. |
| 21 | 1712 | આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ભીલોડા. |
| 22 | 0140 | સુદર્શન ફાઉન્ડેશન, મણિનગર, અમદાવાદ. |
| 23 | 0170 | યુવક વિકાસ ટ્રસ્ટ, અમદાવાદ. |
| 24 | 0142 | તક્ષશિલા વિદ્યાપીઠ, ધંધુકા. |
| 25 | 0124 | શ્રીમતી લક્ષ્મીબેન એન્ડ શ્રી ચીમનલાલ મહેતા આર્ટ્સ કોલેજ, લૉ-ગાર્ડન, અમદાવાદ. |
| 26 | 0171 | ભારતીય સમુદાય શિક્ષણસંઘ કોમ્યુનીટી હાઉસ, આશ્રમરોડ, અમદાવાદ. |

## યુનિવર્સિટી ભવન





યુનિવર્સિટી ભવન બાંધકામની કામગીરી પ્રગિતમાં છે. આ કેમ્પસ ઉપર સૌર ઉર્જાથી સંચાલીત ઉપરૂકરણોનો ઉપયોગ થઈ શકે તે માટેની શકયતાઓ તપાસવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ સાથે યુનિવર્સિટી ભવનને ગ્રીન બિલ્ડીંગનું સર્ટીફીકેટ મળે તે માટે ફિઝીબીલીટી રિપોર્ટ તૈયાર કરી આપવા માટે મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી, વડોદરાના મુખ્ય ઈજનેરશ્રી એન. કે ઓઝને નિમણુંક આપવામાં આવેલ છે. ગ્રીન બિલ્ડીંગ અંગે શ્રી ઓઝા દ્વારા ફિઝીબીલીટી રિપોર્ટ તૈયાર કરી યુનિવર્સિટીને રજૂ કરવાનો રહેશે.

પાન નં.૧૬ નું ચાલુ......

સમારંભના પ્રારંભમાં નલીની અરિવંદ એન્ડ ટીવી પટેલ આર્ટ્સ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. એ.આર. પરમારે સ્વાગત પ્રવચન કરી મહેમાનોનો પરિચય લાક્ષણિક શૈલીમાં આપ્યો હતો. જયારે સેમીનારના કો. ઓર્ડીનેટર ડો.બી. એમ. પરમારે આભારવિધિ કરી હતી. પ્રા. ગઢવીએ સમારોહનું સંચાલન કર્યુ હતું. બીજા દિવસે સમાપન સમારંભમાં અધ્યક્ષ તરીકે સીવીએમમાનદ્ મંત્રી પ્રિ. આર. પી. પટેલ યુનિવર્સિટી, મુખ્ય મહેમાન તરીકે સરદાર પટેલ યુનિવર્સિટી, વિદ્યાનગરના કુલપતિ ડૉ. બી.જી.પટેલ અને અતિથિ વિશેષ તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ડાયરેકટર ડૉ. મેહુલ પંડયા ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં ૭૨ જેટલા અધ્યાપકોએ પેપર રજૂ કર્યા હતા.



દાહોદ જિલ્લાની સ્વર્ણિમ ગાથાઃ ચિત્ર સ્પર્ધા



દાહોદ જિલ્લાની સ્વર્ણિમ ગાથા : આદિવાસી નૃત્ય



સ્વર્ણિમગુજરાત પદ્ય-પર્વની ઉજવણીઃ સેન્ટર- ૧૦૦૨



કવિ, શાયરો સાહિત્યકારો અને શ્રોતાગણ






યુનિવર્સિટી ભવન બાંધકામની કામગીરી



પુસ્તક મેળો, નિબંધ સ્પર્ધા, બુક રીવ્યુ અને મફત પુસ્તિકા વિતરણ કાર્યક્રમ




## જ્ઞાનગંગા સંદર્ભે નમ્ર નિવેદન

પરિવર્તન એ એક સતત પ્રક્રિયા છે. તે પરિવર્તન માટે અમે આતુર છીએ. આપના અભિપ્રાય માટે આપના પ્રતિભાવ માટે...... આપના પ્રતિભાવથી જ અમે જ્ઞાનગંગા મુખપત્રમાં પ્રકાશિત માહિતીમાં અને રજૂઆતમાં પરિવર્તન લાવી શકીશું. કેન્દ્ર સંયોજકશ્રીએ દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થી માટે કરેલ કામગીરી કે મેળવેલ સિદ્ધિ જ્ઞાનગંગાના સંયોજકને મોકલવી કે જેથી કરીને સૌના સહકારથી મુખપત્રને વધુ માહિતી સભર બનાવી શકાય.

સમાચારો નીચે મુજબના સરનામે મોકલવા


સંયોજકશ્રી
શ્રીમતી ચેતના શાહ, ગ્રંથપાલ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર. સી. ટેકનિકલ ઈન્સ્ટિટયુટ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટ સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦



તંત્રી પ્રકાશક :ડૉ. હરીશ દેસાઈ
કુલસચિવશ્રી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર. સી. ટેકનિકલ ઈન્સ્ટિટયુટ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટ સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦

સંપાદક :ચેતના શાહ, કુસુમ શર્મા

કોમ્પ્યુટર સેટિંગ અને ડીઝાઈન :ગીતા પરીખ


STAMP

BOOK POST

To,

કુલસચિવ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર. સી. ટેકનિકલ ઈન્સ્ટિટયુટ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટ
સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે, સોલા,
અમદાવાદ-૩૮૦૦૬૦, (ગુજરાત)
ઈ-મેઈલ : **feedback@baou.org**,
વેબસાઈટ : **www.baou.edu.in**